અપીલ અરજી નં.૩૫૧ તા.૧૫–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સુરજભાઈ મીઠાભાઈ સરોજ

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરજભાઈ મીઠાભાઈ સરોજની તા.૧૯–૧૧–૦૯ ની અરજીથી (૧) ભારતીય પેટ્રોલપંપના પરવાનાદારના નામ સરનામાં તથા લાયસન્સની ગુમાસ્તાધારા નિયમ મુજબ સંપૂર્ણ માપદંડની વિગત.(૨) સી.એન.જી. ગેસ વિતરણના પરવાનાદારના નામ સરનામાં તથા લાયસન્સની ગુમાસ્તાધારા નિયમ મુજબ સંપૂર્ણ માપદંડની વિગત તથા નકશા પ્લાનની મંજુરી સહિત તથા ઉધના નં.ર અને ૩ વચ્ચે આવેલ સ્ટેશન રોડને અડીને આવેલ ભારતીય પેટ્રોલીયમની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૫૧/૨૦૦૯–૧૦

શ્રી સુરજભાઈ મીઠાભાઈ સરોજની તા.૧૯–૧૧–૦૯ ની અરજીથી (૧) ભારતીય પેટ્રોલપંપના પરવાનાદારના નામ સરનામાં તથા લાયસન્સની ગુમાસ્તાધારા નિયમ મુજબ સંપૂર્ણ માપદંડની વિગત.(૨) સી.એન.જી. ગેસ વિતરણના પરવાનાદારના નામ સરનામાં તથા લાયસન્સની ગુમાસ્તાધારા નિયમ મુજબ સંપૂર્ણ માપદંડની વિગત તથા નકશા પ્લાનની મંજુરી સહિત તથા ઉધના નં.ર અને ૩ વચ્ચે આવેલ સ્ટેશન રોડને અડીને આવેલ ભારતીય પેટ્રોલીયમની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ/૫૪૭૯ તા.૧૬–૧૨–૦૯ થી આપેલ માહિતી અધૂરી હોવાનું તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ના પત્ર નં.ટીડીઓ/૪૪૭૬ તા.૧૦–૧૨–૦૯ થી જણાવ્યા મુજબ અરજદારે નકશાની નકલ પેટે નાણાં ભરેલ છતાં માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને તબદીલ કરેલ હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૭ તા.૨૮–૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) તથા અરજદારને અપીલ અરજીની મુળ અરજીમાં ગુમાસ્તા નોંધ–બી હેઠળ સંસ્થાનું કે ભાગીદાર માલિકની ચોકકસ વિગતો સ્પષ્ટ કરેલ છે કે કેમ? તેની સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ. તથા નાણા ભરપાઈ કર્યા પછી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મળેલ છે કે કેમ? તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તરફથી પૂરક વિગતોનો પત્ર નં.સા.ઝોન/ઉધના/૫૬ તા.૯–૨–૧૦ થી મળેલ છે. જયારે નગર નિયોજક અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૫૩૮૭ તા.૮–૨–૧૦ થી પૂરક વિગતો મળેલ છે. જેમાં કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન તરફથી સા.ઝોન/આ.નં.૫૧૧૨ તા.૩૦–૧૧–૦૯ થી ટાઉન પ્લાનર શહેર વિકાસ વિભાગ મધ્યસ્થ કચેરીને તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલ જવાબના પત્ર નં .ટીડીઓ/૪૪૭૬ તા.૧૦–૧૨–૦૯ ના પત્રની નકલ તથા તેના એકનોલેજમેન્ટ સ્લીપની નકલ તથા અરજદારે ભરપાઈ કરેલરૂા.૧૩૦/– ની રસીદ નં.૯૦૦૦ તા.૧૮–૧૨–૦૯ ની પહોંચની નકલ અત્રેના વિભાગને પૂરક માહિતીમાં મળેલ છે. પરંતુ અરજદારને માહિતી પૂરી પાડયાની કોઈ વિગતો મોકલેલ નથી.

અરજદારની તા.૧૯–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેર અને ઝોનલ ઓફિસર સાઉથઝોનમાં કરવામાં આવેલ જે સાઉથઝોન તરફથી પત્ર નં.૫૧૧૨ તા.૩૦–૧૧–૦૯ થી ટાઉન પ્લાનર અને શહેર વિકાસ મધ્યસ્થ કચેરીને મુદ્દા નં.૧ અને ૨ સિવાયની વિગત માટે તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી પત્ર નં..સા.ઝોન/અકણ/૫૪૭૯ તા.૧૬–૧૨–૦૯ થી મુદ્દા નં.૧ બાબતે ગુમાસ્તાના દફતરી રેકર્ડ જોતાં ભારતીય પેટ્રોલપંપના નામે કોઈ સંસ્થા નોંધાયેલ નથી જેથી માહિતી આપવાનો પ્રશ્ન રહેતો નથી તથા મુદ્દા ન.૨ બાબતે સી.એન.જી. ગેસ વિતરણ સંસ્થા ગુમાસ્તાધારા અધિનિયમ હેઠળ નોંધણી થતી નથી જેથી માહિતી ઉપલબ્ધ નથી. તેવી માહિતી સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/ ૪૪૭૬ તા.૧૦–૧૨–૦૯ થી " મોજે ઉધના ઉદ્યોગનગર સંઘ સબ પ્લોટ નં.એ/૩/૧ અને એ/૩/૨ માં " ગેસ ફીલીંગ સ્ટેશન તથા પેટ્રોલપંપ" ના પ્લાનો ટીડીઓ/ડીપી/૧૫૭ તા.૧૦–૧–૦૬ થી મંજુર કરવામાં આવેલ છે. જેના નકશાની નકલ પેટે રૂા.૧૩૦/– કચેરીએ ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવી માહિતી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૧૫–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી નકશા પેટે રૂા.૧૩૦/– ભરપાઈ કરેલ છે છતાં માહિતી મળેલ નથી તથા ગુમાસ્તાધારા તરફથી સંપૂર્ણ માહિતી મોકલવામાં આવેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારે રૂા.૧૩૦/– તા.૧૮–૧૨–૦૯ થી ભરપાઈ કર્યાની રસીદ નં.૯૦૦૦ ની પહોંચની નકલ પણ રજૂ કરવામાં આવેલ છે. મુદ્દા નં.૧ અને ૨ અંગે જાહેર માહિતી અધિકારી ઉધના તરફથી પૂરક વિગતોમાં જણાવ્યા અનુસાર ગુમાસ્તા બાબતે મુદ્દા નં.૨ સી.એન.જી. ગેસ વિતરણ સંસ્થા ગુમાસ્તાધારા અધિનિયમ હેઠળ નોંધણી થતી નથી જેથી માહિતી ઉપલબ્ધ નથી જે બાબતે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) સાથે નિર્ણય સુસંગત છે. મુદ્દા નં.૧ બાબતે પેટ્રોલ પંપના નામે નોંધાયેલ પરવાનાદારના નામ સરનામા તથા લાયસન્સની વિગતો બાબતે કાર્યપાલક ઈજનેર

અને જાહેર માહિતી અધિકારીએ લાગત પેટ્રોલપંપનું બ્રાન્ડના નામ અથવા ફ્રેન્ચાઈઝીનું નામ/માલિક/ભાગીદારનું કે આકારણી સબંધે ટેના નંબર વિગેરે માહિતી અરજદારે રજૂ કરેલ ન હોય માહિતી આપી શકાય તેમ નથી. અને ઉપલબ્ધ માહિતી તે પૈકી તપાસ કરીને જ આપી શકાય તેમ છે તેવું જણાવેલ છે. અરજદારે માંગેલ વિગતો પૂરી પાડેલ નહીં હોવાનું પણ જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉધના રોડ નં.ર અને ૩ ની વચ્ચે પ્લોટ નં.એ/૩/૧ અને એ/૩/ર માં ગેસ ફીલીંગ સ્ટેશન તથા પેટ્રોલ પંપના નકશાની નકલની ફી રૂા.૧૩૦/– ભરપાઈ કરેલ હોવાથી નકશાની નકલ પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. તથા મુદ્દા નં.૧ અંગે અરજદાર ઈચ્છુક હોય તો દિન–૭ માં જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને ઉપરોકત જણાવેલ વિગત માહિતી પૂરી પાડી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અરજદારની રજૂઆત થયેથી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનએ હુકમની અમલવારી કરી થયેલી કાર્યવાહીની અત્રે જાણ કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –ર –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ...જાણ તથા અમલ માટે
(ર) શ્રી સુરજભાઈ મીઠાઈલાલ સરોજ,